**PRAKASH R. JOSHI**
Senior Consultant
09925019942

**DEEPAK P. JOSHI**
Advocate
09879569942

## JOSHI BROTHERS ASSOCIATES

LABOUR LAW CONSULTANT
INDUSTRIALIST ASSOCIATION OF JAMNAGAR DISTRICT

:: REGISTERRED OFFICE ::
204 , Manek Centre , Pandit Nehru Marg ,
Opp. Income Tax Office , JAMNAGAR - 361008
Office Phone : (0288) 2677870, Mob. 08980455407
Email : prjoshi2677870@gmail.com

:: BRANCH OFFICE ::
101, Nilkanth Tower, Opp. IFFCO Main Gate,
GANDHIDHAM, DIST. KUTCHH
Mob. No. 09925019942
09879569942


### : અન્ય અગત્યના સુચનો તથા કાયદામાં આવેલ ફેરફારો :

૧. ભારત સરકાર તરફથી હાલમાં જ '<u>આત્મનિર્ભર ભારત રોઝગાર યોજના</u>' **(ABRY)** લોન્ચ કરવામાં આવેલ છે. જે સ્કીમમાં નવા દાખલ થયેલ કર્મચારીઓ માટે કર્મચારીને પોર્ટલ પર રજીસ્ટર કર્યાના ૨(બે) વર્ષ સુધી કર્મચારીનો ફાળો(૧૨%) તથા સંસ્થાનો ફાળો (૧૨%) એમ કુલ ૨૪% સરકાર ભરશે. જે સ્કીમમાં નવા કર્મચારીઓની દાખલ કરવા માટેની અંતિમ તા.૩૧/૦૩/૨૦૨૨ છે.

૨. ધી કોન્ટ્રાકટ લેબર એકટ ૧૯૭૨(ગુજરાત રાજય) તળે જે કોન્ટ્રાકટરે ૫૦ કરતા ઓછા કામદારો કામે રાખેલ હશે તેને કોન્ટ્રાકટ લેબર લાયસન્સ મેળવવામાંથી મુકિત આપેલ છે. તેમજ રાજય સરકાર દ્રારા કોન્ટ્રાકટ લેબર લાયસન્સ ૧ થી ૫ વર્ષ સુધીના ઇસ્યુ કરવામાં આવે છે જેમાં લાયસન્સ રીન્યુ તથા લાયસન્સમાં એમેન્ડમેન્ટ હવે પછી થઇ શકશે નહિ.

૩. સંસ્થા / ફેકટરીમાં નવા કર્મચારી દાખલ થાય ત્યારે તેનુ આધારા કાર્ડ, બેંક પાસબુકની નકલ તથા સાચી જન્મ તારીખ અમોને તાત્કાલીક મોકલી આપવા ફરજીયાત છે. ત્યાર બાદ જ નવા કર્મચારીનું પીએફ ભરી શકાશે. ઊપરોકત નવા કર્મચારીઓની વિગત નહી આપવામાં આવે તો તે સંજોગોમાં તેવા કર્મચારીનું પીએફ ભરી શકાશે નહી.

૪. કર્મચારીની ઉમર ૫૮ વર્ષ પુર્ણ થાય એટલે (જન્મ તારીખના આધાર સાથે) તેની જાણ અમારી ઓફીસે તાત્કાલીક કરવી ફરજીયાત છે. જો કોઇ કર્મચારીની જન્મ તારીખમાં ફેરફાર હશે તો તેવા કિસ્સામાં કર્મચારીનો જન્મ તારીખના દાખલો અથવા સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ આ બંને પૈકી એક દસ્તાવેજથી જ જન્મ તારીખમાં સુધારો થઇ શકશે.

૫. કર્મચારીને તેની પીએફના ખાતાની વિગત નીચેની લીન્ક મારફત જેતે કર્મચારી પોતે **UAN** નંબર એકટીવેટ કરાવીને જાણી શકશે. **https://unifiedportal-mem.epfindia.gov.in/memberinterface/ ---> Activate Your UAN,UAN** નંબર એકટીવ થયા બાદ કર્મચારી પોતાનું ઇ-નોમીનેશન ફાઇલ કરવાનું રહેશે. **UAN** માં લોગ-ઇન થઇને **Manage --> E-Nomination** પર જઇ ને ઇ-નોમીનેશન ફાઇલ થઇ શકશે.

૬. પીએફ અને ઇ.એસ.આઇ. દરેક મહીનાની તારીખ ૧૫(પંદર) અથવા તે પહેલા ભરી દેવું જોઇએ. ૧૫ (પંદર) તારીખ બાદ પીએફ તથા ઇ.એસ.આઇ.નો ફાળો ભરવાથી ડીપાર્ટમેન્ટની ઓનલાઇન સીસ્ટમથી જે તે સંસ્થાને ડીફોલ્ટર તરીકે જાહેર કરી શકે છે અને વ્યાજ, દંડ તથા ઇન્સ્પેકશનનો સામનો કરવો પડી શકે છે. જે મહીનાનો પીએફનો ફાળો ૧૫ (પંદર) તારીખ બાદ ભરવામાં આવશે તે મહીનાનો **PMRPY** સ્કીમનો બેનીફીટ મળશે નહી.

૭. સંસ્થામાં કામ કરતા કોઇપણ કર્મચારીનો પગાર, પી.એફ. માટે રૂા.૧૫૦૦૦/- તથા ઇ.એસ.આઇ. માટે રૂા.૨૧૦૦૦/- કે તેનાથી ઓછો હશે તો તેવા કર્મચારીના પગારમાંથી પી.એફ. તથા ઇ.એસ.આઇ.ની કપાત કરવી ફરજીયાત છે. એટલે કે પીએફમાં પગારની લીમીટ રૂા.૧૫૦૦૦/- અને ઇ.એસ.આઇ.માં પગારની લીમીટ રૂા.૨૧૦૦૦/- છે.

૮. કોઇપણ નવા કર્મચારી સંસ્થામાં દાખલ થાય તેવા નવા દાખલ થયેલ કર્મચારીની દાખલ તારીખથી ૧૦(દશ) દિવસમાં તેનો ઇ.એસ.આઇ. નંબર જનરેટ કરવો ફરજીયાત હોય. માટે નવા કર્મચારીને દાખલ કરતી વખતે તેના તથા તેની ફેમીલીના આધાર કાર્ડ તથા કર્મચારીનો મોબાઇલ નંબર તથા બેંકની વિગત તાત્કાલીક અમોને મોકલાવી આપવી. જો ૧૦ દિવસ બાદ આવા કર્મચારીનો ઇ.એસ.આઇ. નંબર જનરેટ કરવામાં આવશે તો ઇ.એસ.આઇ.ડીપાર્ટમેન્ટ માલિક સામે આ અંગે ફોજદારી કાર્યવાહી કરી શકે છે.

૯. સંસ્થામાં દાખલ થયેલ નવા કર્મચારીનો ઇ.એસ.આઇ. નંબર લીધા પછી તેના નામમાં ફેરફાર થઇ શકશે નહિ.

### :: મીનીમમ વેજીસ અપડેટ ::

તા.૦૧/૧૦/૨૦૨૧ થી તા.૩૧/૦૩/૨૦૨૨ સુધીના સમય માટે ગુજરાત સરકારશ્રી તરફથી નકકી કરવામાં આવેલા લઘુતમ વેતનના દરો નીચે મુજબ છે.

**ZONE - I**

| Sr No. | Details | Basic | D.A. | Per Day |
|---|---|---|---|---|
| 1 | Skilled | 293.00 | 72.20 | 365.20 |
| 2 | Semi Skilled | 284.00 | 72.20 | 356.20 |
| 3 | Un Skilled | 276.00 | 72.20 | 348.20 |

**ZONE - II**

| Sr No. | Details | Basic | D.A. | Per Day |
|---|---|---|---|---|
| 1 | Skilled | 284.00 | 72.20 | 356.20 |
| 2 | Semi Skilled | 276.00 | 72.20 | 348.20 |
| 3 | Un Skilled | 268.00 | 72.20 | 340.20 |

મહાનગર પાલીકામાં આવતા તમામ વિસ્તારને ઝોન-૧ ના મીનીમમ વેજીસ લાગુ પડશે તથા તે સિવાયના વિસ્તારને ઝોન-૨ ના મીનીમમ વેજીસ લાગુ પડશે.